# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 10-06-2025** **MIDDAY: 1.20 TO 1.30**

**Day : TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર પ્રવેશ અડિએચા વાંચે છે.

***************************************************

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું - છેલ્લા 11 વર્ષમાં ભારતના સંરક્ષણ ક્ષેત્રમાં નોંધપાત્ર પરિવર્તન આવ્યું.
2. કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે સ્વિટ્ઝર્લેન્ડમાં ભારત-EFTA વેપાર અને આર્થિક ભાગીદારી સમજૂતી પર ચર્ચા કરી.
3. અમેરિકા અને ચીન વચ્ચેના વેપાર યુદ્ધને ઉકેલવાના હેતુથી લંડનમાં વાટાઘાટોનો નવો રાઉન્ડ શરૂ.
4. દિલ્હી, હરિયાણા, ચંદીગઢ, જમ્મુ અને કાશ્મીર, મધ્યપ્રદેશ, પંજાબ, રાજસ્થાન અને ઉત્તરપ્રદેશમાં આજે અતિશય ગરમીની આગાહી.
5. ભારતીય ક્રિકેટર મહેન્દ્રસિંહ ધોની આંતર-રાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ-ICCના પ્રતિષ્ઠિત હોલ ઓફ ફેમમાં સામેલ.

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....

# PM-DEFENCE SECTOR

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ છેલ્લા અગિયાર વર્ષમાં ભારતના સંરક્ષણ ક્ષેત્રમાં થયેલા નોંધપાત્ર પરિવર્તન પર પ્રકાશ પાડ્યો છે.

સોશિયલ મીડિયા સંદેશમાં પ્રધાનમંત્રીએ જણાવ્યું કે, સંરક્ષણ ઉત્પાદનમાં આધુનિકીકરણ અને આત્મનિર્ભરતા હાંસલ કરવા બંને પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. તેમણે નોંધ્યું હતું કે, રાષ્ટ્રને મજબૂત કરવા માટે ભારતના લોકો સહિયારા સંકલ્પ સાથે કેવી રીતે એક થયા છે તે જોવું આનંદદાયક છે.

. . . . . . . . . . . . . . . .

# RAJNATH SINGH 11 YEARS

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે કહ્યું, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં છેલ્લા અગિયાર વર્ષમાં ભારતના સંરક્ષણ ક્ષેત્રમાં ઐતિહાસિક પરિવર્તન આવ્યું છે. એક સોશિયલ મીડિયા સંદેશમાં, શ્રી સિંહે જણાવ્યું, પ્રધાનમંત્રીના નેતૃત્વને પરિણામે મજબૂત સરહદો, આધુનિક સશસ્ત્ર દળો, સ્વદેશી શસ્ત્રો, વિક્રમી સંરક્ષણ નિકાસ અને વૈશ્વિક વિશ્વાસ પેદા થયો છે, જેને કારણે આ ક્ષેત્ર આત્મનિર્ભર બન્યું છે.

. . . . . . . . . . . . . . . .

# DR MURUGAN ON 11 YEARS

કેન્દ્રીય માહિતી અને પ્રસારણ રાજ્ય મંત્રી ડૉક્ટર એલ. મુરુગને આજે જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં છેલ્લા 11 વર્ષમાં ભારતે નોંધપાત્ર વિકાસ અને સુશાસન જોયું છે. તેઓ મોદી સરકારના 11 વર્ષ પૂર્ણ થવાના અવસર પર પુડુચેરીમાં એક પત્રકાર પરિષદને સંબોધિત કરી રહ્યા હતા.

શ્રી મુરુગને જણાવ્યું કે, દેશ ભ્રષ્ટાચાર અને નબળા વહીવટીતંત્રના યુગમાંથી પારદર્શક અને લોક- કેન્દ્રિત શાસન તરફ આગળ વધ્યો છે. તેમણે નોંધ્યું હતું કે, ભારત વિશ્વનું ચોથું સૌથી મોટું અર્થતંત્ર બન્યું છે અને 27 કરોડ લોકોને ગરીબીમાંથી બહાર કાઢ્યા છે.

. . . . . . . . . . . . . . . .

# GOYAL-SWITZERLAND

સ્વિટ્ઝર્લેન્ડની મુલાકાતે આવેલા કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે ભારત-EFTA વેપાર અને આર્થિક ભાગીદારી સમજૂતી પર ચર્ચા કરી હતી. એક સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી ગોયલે જણાવ્યું કે, તેમણે ભારત અને સ્વિટ્ઝર્લેન્ડ વચ્ચે આ સમજૂતીના પરિણામે વ્યાપાર અને રોકાણ માટે તકો, ભાગીદારી અને ઊભરતાં માર્ગો પર ચર્ચા કરી હતી.

અગાઉ, શ્રી ગોયલે કહ્યું હતું કે ભારત અને ચાર દેશોના યુરોપિયન બ્લોક EFTA વચ્ચે મુક્ત વેપાર કરાર સપ્ટેમ્બરથી અમલમાં આવે તેવી શક્યતા છે. યુરોપિયન ફ્રી ટ્રેડ એસોસિએશન અથવા EFTAમાં આઇસલેન્ડ, લિચટેંસ્ટીન, નોર્વે અને સ્વિટ્ઝર્લેન્ડનો સમાવેશ થાય છે.

. . . . . . . . . . . . . . . .

## US-CHINA TRADE TALKS

અમેરિકા અને ચીન વચ્ચેના વેપાર યુદ્ધને ઉકેલવાના હેતુથી લંડનમાં વાટાઘાટોનો એક નવો રાઉન્ડ શરૂ થયો છે. અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે વાટાઘાટો પર સકારાત્મક પ્રતિક્રિયા આપતા કહ્યું છે કે વાટાઘાટો સારી રીતે ચાલી રહી છે.

ગયા અઠવાડિયે ડોનાલ્ડ ટ્રમ્પ અને ચીનના પ્રમુખ શી જિનપિંગ વચ્ચેના ફોન કોલને પગલે વાટાઘાટો શરૂ થઈ છે. વોશિંગ્ટન અને બેઇજિંગ ગયા મહિને જીનીવામાં થયેલા કામચલાઉ યુદ્ધવિરામને પુનર્જીવિત કરવાનો પ્રયાસ કરી રહ્યા છે.

. . . . . . . . . . . . . . . .

## IMD-WEATHER

હવામાન વિભાગે આજે કર્ણાટકના દરિયાકાંઠાના અને આંતરિક ભાગો, કેરળ, માહે, ઓડિશા, રાયલસીમા, તમિલનાડુ, પુડુચેરી અને કરાઈકલ અને પૂર્વોત્તર રાજ્યોના કેટલાક સ્થળોએ વાવાઝોડા સાથે ભારે વરસાદની આગાહી કરી છે.

**આગામી બે દિવસ દરમિયાન આંધ્રપ્રદેશ, આંદામાન અને નિકોબાર ટાપુઓ, છત્તીસગઢ, ઝારખંડ, મરાઠવાડા, રાયલસીમા અને મધ્ય મહારાષ્ટ્રના દરિયાકાંઠાના ભાગોમાં પણ વાવાઝોડા અને ભારે પવન ફૂંકાય તેવી શક્યતા છે.**

**દિલ્હી, હરિયાણા, ચંદીગઢ, જમ્મુ અને કાશ્મીર, લદ્દાખ, મધ્યપ્રદેશ, પંજાબ, રાજસ્થાન અને ઉત્તરપ્રદેશમાં આજે ગરમીનું મોજું રહેવાની શક્યતા છે.બિહાર, દરિયાકાંઠાના આંધ્રપ્રદેશ અને ગંગા પશ્ચિમ બંગાળમાં અલગ અલગ સ્થળોએ આજે ગરમ અને ભેજવાળું હવામાન રહેવાની સંભાવના છે.**

**અમારા જમ્મુ સંવાદદાતા જણાવે છે કે, જમ્મુ-કાશ્મીરમાં ગરમીનું મોજું હજુ પણ જળવાઈ રહ્યું છે. પાંચ જિલ્લાઓમાં ગઈકાલે તાપમાન 40 ડિગ્રી સેલ્સિયસથી ઉપર નોંધાયું હતું. સાંબામાં સૌથી વધુ 46.6 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું, જ્યારે જમ્મુ શહેરમાં 44.3 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.**

. . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

# MAHA - UNIQUE ID

મહારાષ્ટ્ર સરકાર એક ઓક્ટોબર, 2025થી દરેક માળખાગત વિકાસ પરિયોજનાઓ માટે વિશિષ્ટ ઓળખપત્ર આપવાનું શરૂ કરશે. આ અનન્ય ઓળખપત્રોમાં હવે જિયો-ટેગ કરેલા 13 અંકનો આલ્ફાન્યૂમેરિક હશે જેનો ઉપયોગ હવે પ્રોજેક્ટને વહીવટી મંજૂરી મળ્યા પછી પ્રાથમિક સંદર્ભ નંબર તરીકે કરવામાં આવશે.

13 આંકડાના આલ્ફાન્યૂમેરિક યુનિક આઇડીમાં એક અક્ષરનો રાજ્ય કોડ, બે અંકનો મંજૂરી વર્ષ કોડ, યોજના/કાર્યક્રમ માટે ચાર અક્ષરનો કોડ, ત્રણ અક્ષરનો જિલ્લા કોડ, બે અક્ષરનો સંપત્તિનો ટૂંકાક્ષર અને ક્રમિક સીરીયલ નંબર હશે.

. . . . . . . . . . . . . . . .

# DHONI ICC

ભારતીય ક્રિકેટર મહેન્દ્ર સિંહ ધોનીને આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ-ICC ના પ્રતિષ્ઠિત હોલ ઓફ ફેમમાં સામેલ કરવામાં આવ્યા છે. ધોનીને તેમની અસાધારણ નેતૃત્વ ક્ષમતાઓ અને મુશ્કેલ પરિસ્થિતિઓમાં કુશળતા માટે હોલ ઓફ ફેમમાં સામેલ કરવામાં આવ્યા છે.

પ્રસ્તુત છે અમારા સંવાદદાતાનો અહેવાલ.....

(VOICE CAST: DHONI-MUKESH SPORTS)

. . . . . . . . . . . . . . . .

## FOOTBALL - IND VS HONG KONG

**હોંગકોંગમાં આજે ભારતીય ટીમ 2027 AFC એશિયન કપ ફૂટબોલના અંતિમ ક્વોલિફાયર રાઉન્ડ મેચમાં હોંગકોંગ સાથે મુકાબલો કરશે. આ મેચ ભારતીય સમય મુજબ સાંજે 5:30 વાગ્યે શરૂ થશે.**

. . . . . . . . . . . . . . . .

## NAVY-RESCUE OPERATION

ભારતીય નૌકાદળે તટ રક્ષક સાથે મળી સિંગાપોરના MV વાન હેઈ 503 જહાજના 22 ક્રૂ સભ્યોમાંથી 18 સભ્યોને સુરક્ષિત રીતે બચાવી લીધા છે.

કન્ટેનરમાં વિસ્ફોટ પછી આ જહાજમાં ભીષણ આગ લાગી હોવાની જાણ થાય બાદ ભારતીય નૌકાદળે અને તટરક્ષકે તપાસ શોધ અને બચાવ કામગીરી હાથ ધરી હતી. ભારતીય નૌકાદળે જણાવ્યું હતું કે આ ઘટના ગઈકાલે સવારે લગભગ 9:30 વાગ્યે બની હતી. INS સુરત અને ડોર્નિયર વિમાનને તાત્કાલિક મદદ માટે તૈનાત કરવામાં આવ્યા હતા. ઇજાગ્રસ્ત ક્રૂ સભ્યોને પ્રાથમિક સારવાર આપવામાં આવી છે.

----------------------------

## FIH HOCKEY PRO LEAGUE

ભારતીય ટીમ નેધરલેન્ડ્સમાં રમાયેલી મેન્સ FIH હોકી લીગ મેચમાં નેધરલેન્ડ્સ સામે 2-3 થી હારી ગઈ છે .

ભારત તરફથી અભિષેક અને જુગરાજ સિંહે એક-એક ગોલ કર્યો જ્યારે નેધરલેન્ડ્સ તરફથી થિજ્સ વાન ડેમ, તજાપ હોડેમેકર્સ અને ઝિપ જેનસેને ગોલ કર્યા. ભારત દસ મેચમાં 15 પોઈન્ટ સાથે પોઈન્ટ ટેબલમાં ચોથા ક્રમે છે. નેધરલેન્ડ્સ ટોચ પર છે, ઇંગ્લેન્ડ અને બેલ્જિયમ બીજા અને ત્રીજા ક્રમે છે. ભારત આવતીકાલે આર્જેન્ટિના સામે રમશે.

-----------------------------------

# RUSSIA-IRANIAN NUCLEAR PLANTS

ઈરાનના પરમાણુ ઉર્જા સંગઠનના વડા મોહમ્મદ ઇસ્લામે જાહેરાત કરી છે કે રશિયા ઈરાનમાં આઠ પરમાણુ ઉર્જા પ્લાન્ટ સ્થાપશે. આ સંદર્ભમાં બંને પક્ષો વચ્ચે એક કરાર થયો છે.

મોહમ્મદ ઇસ્લામે જણાવ્યું કે પ્રસ્તાવિત આઠ પરમાણુ પ્લાન્ટમાંથી ચાર દક્ષિણ પ્રાંત બુશેહરમાં સ્થાપિત કરાશે. તેમણે કહ્યું કે સંગઠન, ઈરાનની પરમાણુ ઉર્જા ઉત્પાદન ક્ષમતાને ત્રણ ગણી કરવાની યોજના ધરાવે છે.

રશિયા દ્વારા મે-2011માં પૂર્ણ થયલો  બુશેહર પ્લાન્ટ, ઈરાનનો પ્રથમ અને એકમાત્ર કાર્યરત પરમાણુ પ્લાન્ટે  દેશના નાગરિક પરમાણુ ઉર્જા

કાર્યક્રમમાં કેન્દ્રિય ભૂમિકા ભજવી અને લાંબા સમયથી રશિયાની પરમાણુ સંસ્થા, રોસાટોમ સાથે સહયોગ ધરાવે છે.

. . . . . . . . . . . . . . . .